# રાજકોટના ૮ માં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, રાજકોટ

**ફોજદારી કેસ નંબર : ૧૬૩૬૭/૨૦૨૦**
**આંક :–**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂઘ્ઘ**

**આરોપી : હિતેષભાઈ રામાભાઈ બથવાર**

**ગુન્હો :– ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ની કલમ ૨૬૯,૨૭૦ મુજબ**

## –:: ચુ કા દો ::–

આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવે છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સવિસ ઓથોરીટીના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીંગ રાખેલ છે.

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ ઉપર મુજબનો ગુન્હો કરેલ હોય, સદરહું શિક્ષાપાત્ર ગુન્હાની ફરીયાદ નોંધી અને તપાસ પુર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ની કલમ ૨૬૯, ૨૭૦ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી/આરોપીઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે.આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૬ (સંહીતા)ની કલમ – ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક– મુજબ આરોપીઓની પ્લી લેતા, આરોપીઓએ તેમનો ગુન્હો કબુલ કરી, આંક– અને થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે. તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. આ કામના આરોપીઓ કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. તેઓ ગરીબ વર્ગના માણસ છે. આરોપીઓની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ઘ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંતોને ઘ્યાને લેતા આરોપીઓ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીઓની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપીઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ઘ્યાને લેતા, આરોપીઓને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તથા સુધરવાની તક આપવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – :: <u>હુકમ</u> ::–

૧. આ કામનાં આરોપી **હિતેષભાઈ રામાભાઈ બથવાર** ને ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ની કલમ ૨૬૯,૨૭૦ મુજબ તકસીરવાન ઠરાવુ છું. અને સદર ગુન્હા સબબ આરોપી ને રૂા. ૨૦૦/– અંકે રૂપીયા <u>બસો</u> પુરાનો દંડ ફરમાવવાનો હુકમ કર વામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓને બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીનખત તથા જાતમુચરકો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. માહે સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગ ખુલ્લી લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ.
રાજકોટ.

**(એ.પી.દવે)**
**૮ માં જયુ.મેજી.ફર્સ્ટ કલાસ**
**રાજકોટ**
**કોડ નં. જી.જે.૦૧૬૭૮**